*Surat Municipal Corporation*

**Name of Work :-** **Operation and Maintenance work of pay & use toilet block for 05 (Five) years time period at Prem Nagar Zupadpatti,Near Bharucha Mill in Sub Zone-2 in South Zone-A (Udhana), Surat. (10th attempt)**

E- Tender

Tender Notice (On Line) No. : DMC/SZ-A/03/2026-27

**Work No. 16**

## VOLUME-I : TECHNICAL BID

| | | |
|---|---|---|
| DOWNLOAD OF TENDER DOCUMENTS FROM website **smc.nprocure.com** | : | From **19/06/2026 to 09/07/2026** upto 18:00 hrs. |
| LAST DATE OF SUBMISSION OF ONLINE TENDER | : | Upto **09/07/2026**, 18.00 hrs. |
| DATE OF SUBMISSION OF TENDER FEES, EMD IN HARD COPY | : | Upto **18/07/2026** to Chief Accountant, SMC, Tapipura, Surat by R.P.A.D./Speed Post upto 18.00 hrs. |
| OPENING OF TECHNICAL BID ALONG WITH OTHER DOCUMENTS RECEIVED IN SOFT COPY. | : | **On Dt. 10/07/2026, 11.00 hrs. (Probable)** |
| OPENING OF TECHNICAL BID ALONG WITH OTHER DOCUMENT RECEIVED IN HARD COPY. | : | **On Dt. 19/07/2026, 16.00 hrs. (Probable)** |
| ESTIMATED AMOUNT | : | **N.A.** |
| EARNEST MONEY DEPOSIT | : | **Rs. 25,000.00** |
| DOCUMENT FEES | : | **Rs. 900.00 + 18.00 % G.S.T. = Rs. 1,062.00** |

***TENDER TO BE SUBMITTED TO:***
***THE CHIEF ACCOUNTANT,***
***SURAT MUNICIPAL CORPORATION, TAPIBHAVAN***
***SURAT – 395 003.***

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઝોન –એ(ઉધના)**

ટેન્ડર નોટીસ નં – ડે. મ્યુ. કમિશ્નર/સા.ઝોન–એ/૦૩/૨૦૨૬–૨૭, કામ નં. ૧૬

**વિષય :–** **સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં સબઝોન–૨ માં ભરુચામિલ પાસે, પ્રેમનગર ઝુપડપટી માં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાની કામગીરી(દસમો પ્રયાસ).**

**–: અર્નેસ્ટ મની / બાનાની રકમ પરત કરવા અંગેના નિયમો :–**

૧. અર્નેસ્ટ મની / બાનાની રકમ ૧૨૦ દિવસ પહેલા પરત માંગી શકાશે નહી.

૨. ટેન્ડર મળ્યા બાદ સક્ષમ સત્તાની મંજુરી મળ્યેથી મંજુર ટેન્ડરર/ ઈજારદાર ધ્વારા ડીપોઝીટની રકમ ભરાયા બાદ જ અન્યની અર્નેસ્ટ મની / બાનાની રકમ છુટી કરવામાં આવશે.

૩. કોન્ટ્રાકટર જયારે પણ અર્નેસ્ટ મની / બાનાની રકમ રીફંડ મેળવવા અરજી કરે ત્યારે પોતાનું નામ, પુરુ સરનામું, કયા કામ માટે ડીપોઝીટ ભરેલી તેની વિગત તથા રસીદ નંબર અને તારીખ વિગેરે જણાવવાનું રહેશે.

૪. ઉપરોકત નિયમો વિરુઘ્ઘ કોઈ શરતો મુકવામાં આવશે તો તે ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેને ઘ્યાને લેવામાં આવશે નહી તેની નોંધ લેશો.

૫. ટેન્ડર માટે બાનાની રકમ(ઈ.એમ.ડી.) તથા ટેન્ડર ફીનાં ડીમાન્ડ ડ્રાફટ ઓનલાઈન સ્કેન કરી ઈલેકટ્રોનિક ફોર્મેટમાં ટેન્ડર અપલોડ કરવાનો રહેશે. આ પ્રકારે રજુ થયેલ વિગતે બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ ગણવાની રહેશે અને તદઅનુસાર ટેન્ડર ખોલવામાં આવશે તે અનુસાર ઈલેકટ્રોનિક ફોર્મેટમાં બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ હોય તો તેની જ ઓફર ખોલવામાં આવશે. ખરેખર ચુકવણી માટે ટેન્ડર ભરનારે ડીમાન્ડ ડ્રાફટ અસલમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ થી એકાઉન્ટ ડીપાર્ટમેન્ટ (મેઈન ઓફિસ) માં હાર્ડ કોપી સબમીશનની અંતિમ તારીખ સુધીમાં જમા કરાવવાના રહેશે. ટેન્ડર ફી તેમજ બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર હાર્ડ કોપીમાં નિયત સમયમાં રજુ ન કરનાર ટેન્ડરર સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ ઈજારદારની નોંધણી એક વર્ષ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઇ–ટેન્ડરીંગનો કોડ એક વર્ષ માટે રદ કરાશે. ટેન્ડર બીડ માટે જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે અને હાર્ડકોપી અલાયદી રીતે સ્વીકારવામાં આવશે નહી.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન –એ (ઉધના)
સુરત મહાનગરપાલિકા

ઉપરોકત નિયમો વાંચી મે ટેન્ડર સાથે અર્નેસ્ટ મની / બાનાની રકમ ભરી છે.

કોન્ટ્રાકટરની સહી અને સિકકો

**સુરત મહાનગરપાલિકા**

**સાઉથ ઝોન –એ (ઉધના)**

ટેન્ડર નોટીસ નં – ડે. મ્યુ. કમિશ્નર/સા.ઝોન–એ/૦૩/૨૦૨૬–૨૭, કામ નં. ૧૬

**કામનું નામ :– સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં સબઝોન–૨ માં ભરુચામિલ પાસે, પ્રેમનગર ઝુપડપટી માં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાની કામગીરી(દસમો પ્રયાસ).**

**–: કોન્ટ્રાકટરને અગત્યની સૂચના :–**

૧. ટેન્ડર ફી અને બાનાની રકમ ઓનલાઇન સ્કેનીંગ કરીને તેમજ હાર્ડ કોપીમાં બંનેમાં રજુ કરવાના રહેશે. તેમજ આ ટેન્ડરના દરેક પાના નંબર તથા સૂચિત કરેલ જગ્યાએ ટેન્ડર ભરનારે પોતાના સહી સિક્કા કરી તમામ કાગળો સુરત મહાનગરપાલિકા માંગે ત્યારે જમા કરાવવાનું રહેશે.

૨. ટેન્ડરની શરતનાં કે અન્ય કોઈ કાગળો કાઢી લેવાનાં નથી. જો તેમ કરવામાં આવશે તો ઈરાદા પૂર્વકની ગેરરીતી ગણીને ટેન્ડર રદ બાતલ કરવામાં આવશે તથા બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

૩. શરતી ટેન્ડર રદ થવાને પાત્ર છે.

૪. અર્નેસ્ટ મની / બાનાની રકમ કમિશ્નરશ્રીના નામનાં પે ઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી સ્વીકારવામાં આવશે.

૫. ટેન્ડર રકમ / ઓફર રકમનાં ૨૦.૦૦% પ્રમાણેનું શીડયુલ બેંકનું ચાલુ વર્ષ દરમ્યાનનું સોલવન્શી સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૬. કરેલા કામોની વિગત અનુભવના પુરાવા, ટેન્ડર ફી બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ /પે ઓર્ડર તેમજ અન્ય તમામ જરૂરી એવા પુરાવા ફક્ત ઓનલાઇન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેનીંગ કરીને અપલોડ કરવાના રહેશે. તથા બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડર તેમજ ટેન્ડર ફી હાર્ડ કોપીમાં રજુ કરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ થવાને પાત્ર થશે.

૭. ઈજારદારે ઓફર રકમના ૧૦.૦૦% પ્રમાણે ડીપોઝીટ તરીકે સુરત મહાનગરપાલિકામાં વર્કઓર્ડર મળ્યાની તારીખથી દિન–૧૫ (પંદર) માં જમા કરાવવાના રહેશે. ડીપોઝીટની રકમ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી પરત કરવામાં આવશે.

૮. આ કામની ઓફર રકમના ૧૦ % પ્રમાણે સિક્યોરીટી ડીપોઝીટ ઈજારદારે વર્કઓર્ડર મળ્યાના દિન–૧૫ માં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. ઈજારદાર જો તેમ કરવાનું ચૂકશે તો સિક્યોરીટી ડિપોઝીટની રકમના ૦.૦૬૫% પ્રતિ દિન લેખે પેનલ્ટી ચૂકવવાની રહેશે.

૯. ટેન્ડર ભરતા પહેલા ટેન્ડરર/ઈજારદારે સદરહું કામના સ્થળનું નિરિક્ષણ કરી લેવાનું રહેશે. ટેન્ડર મંજુર થયા બાદ ઈજારદારશ્રીની કોઈ દલીલ ધ્યાને લેવામાં આવશે નહી.

૧૦. ટેન્ડરમાં મુકવામાં આવેલ શરતોનો અભ્યાસ કરી, શરતોને આધિન કામગીરી કરવાની રહેશે.

૧૧. ઈજારદારે ટેન્ડર સાથે સંસ્થાના રજીસ્ટ્રેશન તેમજ મેમોરેન્ડમની નકલ, કરેલ કામો તથા હાથ પરના કામોની વિગત, વર્કઓર્ડરની નકલ, સોલ્વન્સી સર્ટી. વિગેરે જરૂરી દસ્તાવેજોની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે.

## હયાત પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની વિગત

| ગ્રાઉન્ડ ફ્લોર | | | | |
|---|---|---|---|---|
| | કેરટેકર રૂમ :– | – | :– | ૦૧ |
| | હેન્ડીકેપ ટોયલેટ :– | – | :– | ૦૧ |
| | પુરૂષ ટોયલેટ બ્લોક :– | જાજરૂ | :– | ૧૨ |
| | | યુરીનલ | :– | ૦૨ |
| | | બાથરૂમ | :– | ૦૨ |
| | મહિલા ટોયલેટ બ્લોક :– | જાજરૂ | :– | ૦૯ |
| | | બાથરૂમ | :– | ૦૨ |
| | | ચાઈલ્ડ ટોયલેટ | :– | ૦૧ |

૧૨. ઈજારદાર ધ્વારા મુદ્દત પુરી થયા પહેલા સંચાલનની કામગીરી છોડી દેવામાં આવશે તો તેમના સિકયોરીટી ડિપોઝીટના નાણા જપ્ત કરવામાં આવશે તેમજ તેઓને કાળી યાદીમાં મુકવાની કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. ઈજારદારનો જે તે સમય માટેનો મંજુરી પ્રમાણેનો ઈજારો આપ્યેથી ઈજારાના પીરીયડ પૂર્ણ થયા બાદ અન્ય વધુ બીજા પીરીયડ માટે મંજુરી મળે ત્યાં સુધી મંજુર ભાવે અને શરતે જે તે મંજુર ઓફરની રકમ પ્રમાણે ઈજારદારે સંચાલન અને નિભાવની કામગીરી કરવાની રહેશે.

૧૪. ટેન્ડરર ધ્વારા અનુભવના પ્રમાણપત્રો અથવા હયાત (ચાલુ) પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન અને નિભાવ કરવાના કામનો વર્કઓર્ડર તેમજ લાયસન્સ ફી ની લેટેસ્ટ રસીદ રજુ કરવાની રહેશે. જો ઉપર મુજબની શરતનો પાલન કરવામાં ન આવે તો તેવા ટેન્ડરરોને ડિસકવોલીફાય કરવામાં આવશે.

૧૫. ઈજારદારે ટોયલેટ બ્લોકની સાફ સફાઈ સ્વચ્છતા માટે જરૂરી ફિનાઈલ, એસિડ, બ્રશ, સ્ક્રેપર વિ. સાધનો રાખવાના રહેશે.

૧૬. જો કોઈ કારણોસર પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના મકાનની સુરત મહાનગરપાલિકાને જરૂરીયાત પડે તેવા સંજોગોમાં ઈજારદારને ૦૩(ત્રણ) માસ પહેલા આગોતરી નોટીસ આપી, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનો કબ્જો મેળવી લેવાનો સુરત મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે તેમજ સદરહું શરત ઈજારદારને બંધનકર્તા રહેશે.

૧૭. જો ઈજારદાર સુરત મહાનગરપાલિકામાં ચાલતા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન અને નિભાવના કામનો ઈજારો ધરાવતા હોય તો તેમણે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી ન હોવા અંગેનું રૂા. ૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ પેપર ઉપર બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે. આમ છતાં પછીથી પણ જો ઈજારદાર ધ્વારા વાર્ષિક ઓફરના નાણાં બાકી હોવાનું માલુમ પડશે તો તેમનો ઈજારો રદ કરવામાં આવશે તેમજ સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**૧૮. જયારે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે મ્યુ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી રહેશે.**

ઈજારદારનો
ફોટો

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન –એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા

ઈજારદારની
સિકકો તથા સહી

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઝોન –એ (ઉધના)**

**કામનું નામ :–** **સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં સબઝોન–૨ માં ભરુચામિલ પાસે, પ્રેમનગર ઝુપડપટી માં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાની કામગીરી(દસમો પ્રયાસ).**

આથી ઉપર નિર્દેશીત સ્થળ પરના મહાનગરપાલિકા ધ્વારા તૈયાર કરેલ હયાત ' પે એન્ડ યુઝ ' ટોયલેટ બ્લોકના સંચાલન તથા નિભાવની કરવા અંગેની પરિશિષ્ટમાં જણાવેલ અને સ્થાયી સમિતિ ઠરાવ નં. ૯૪૬ /૨૦૦૨, તા. ૨૯/૮/૨૦૦૨ થી નક્કી થયેલ નીતિ નિયમોનુસાર રસ ધરાવતાં ઈજારદારો પાસેથી અંતિમ તા. ૦૯/૦૭/૨૦૨૬ થી ઓફર મંગાવવામાં આવે છે.

## પરિશિષ્ટ

## સંદર્ભ :– સ્થાયી સમિતિ ઠરાવ નં: ૯૪૬/૨૦૦૨, તા. ૨૯/૦૮/૨૦૦૨

### નિભાવ અને મરામત બબાતની શરતો:–

૧ આ કોમ્પલેક્ષ સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ સમય દરમ્યાન ખુલ્લા રાખવાના રહેશે.

૨ આ કોમ્પલેક્ષનું મેઈનટેનન્સ ' પે એન્ડ યુઝ ' ના ધોરણે કરવાનું રહેશે.

૩ પે એન્ડ યુઝના ઉપભોકતા માટે મહાનગરપાલિકા એ જે ચાર્જ હાલમાં નક્કી કરેલ છે. એટલે કે ફકત પુરૂષો માટે રૂા. ૧.૦૦ નાહવા માટે અને ૦૦.૫૦ પૈસા સંડાસ માટે અને તે મુજબનો ચાર્જ જ ઉપભોકતા પાસેથી વસુલ કરી શકાશે.આ ચાર્જ અંગે મહાનગપાલિકાની સક્ષમ સત્તાધીશો જે કાઈપણ ફેરફાર કરે તે ઈજારદારને બંધનકર્તા રહેશે. <u>આ ચાર્જ અંગેનું લખાણ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં જાહેર જનતા વાંચી શકે તેવા સ્થળે લખવાનું રહેશે.</u>

૪ સ્ત્રીઓ અને બાર વર્ષ થી નાના બાળકો, અપંગ અને ભિખારીઓને આ સુવિધા મફત આપવાની રહેશે.

૫ સ્ત્રીઓ અને પુરૂષો બન્ને માટે યુરીનલ ની સુવિધા મફત આપવાની રહેશે.

૬ સાબુ અને ટુવાલ ( હાથ લુછવા માટે) ઈજારદારે મફત પુરા પાડવાના રહેશે.

૭ ઈજારદારે દરેક ટોયલેટ બ્લોક ઉપર ઉપભોકતા રજીસ્ટર રાખવાનું રહેશે.,

જેમાં ઉપભોકતાઓની વિગતવાર માહીતી દરરોજ રાખવાની રહેશે.

૮ ઉપભોકતાની સુવિધા માટે અને ટોયલેટ બલોકની સાફ સફાઈ સ્વચ્છતા માટે ચોવીસ કલાક માણસો (કેરટેકર) રાખવાના રહેશે.

૯ ઉપભોકતાની ફરિયાદો માટે કેરટેકર પાસે ફરિયાદબુક રાખવાની રહેશે.

૧૦ કોમ્પલેક્ષના મેઈનટેનન્સ અને સીકયોરીટી માટે રોકવામાં આવેલ માણસો કેરટેકરને કોઈપણ પ્રકારનું વેતન કે માનદવેતન મહાનગરપાલિકા આપશે નહી.

૧૧ ફકત એક વ્યકિતને કેરટેકર તરીકે રાખવાનો રહેશે અને જરૂરિયાત મુજબના સફાઈ કામદારો ટોયલેટ બ્લોક પર હાજર રાખવાના રહેશે.

૧૨ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના ઓપરેશન અને મેઈનટેનન્સ માટે પુરતા પ્રમાણમાં પાણી નો જથ્થો મેળવવા અંગેની જવાબદારી ઈજારદારની રહેશે. શકય હશે ત્યારે સુરત મહાનગરપાલિકા નીતિ નિયમો અનુસાર પાણીનું જોડાણ આપશે.

૧૩ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના ઓપરેશન કામ માટે એક સબમર્સીબલ પંપ સેટ અને એક મોનોબ્લોક પંપ સેટ સ્ટેન્ડ બાય તરીકે રાખવાનો રહેશે.

૧૪ અનિવાર્ય સંજોગોમાં જરૂરી પાણી પુરવઠાની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહેશે.

૧૫ જો કોઈ સંજોગોમાં બોરીંગમાં પાણી નીચે ઉતરી જવાનો પ્રશ્નો ઉભો થાય તો તેવા સંજોગોમાં જે તે સંસ્થાઓ તરફથી પાણીના બોરીંગની મરામત અથવા નવું બોરીંગ બનાવવાનું રહેશે.

૧૬ જરૂરિયાત મુજબનો વીજળી પુરવઠો મેળવવા માટે મહાનગરપાલિકા મદદકર્તા રહેશે. પરંતુ તેના નિભાવ ની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૧૭ વીજળી વપરાશના બીલ ના નાણાં ઈજારદારે સમયસર ભરવાના રહેશે. અને ભરપાઈ કરવામાં આવેલ મૂળ બીલ તથા તેની રસીદ મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

૧૮ વીજળી વપરાશના બીલ સમયસર ન ભરવાને કારણે અથવા અન્ય કોઈપણ કારણસર વીજળી પુરવઠો ટોરેન્ટ પાવર કંપની અથવા દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. તરફથી બંધ કરવામાં આવે તો ઉપરોકત બન્ને એજન્સીઓને ભરપાઈ કરવા પાત્ર રકમ / દંડ ભરી ને વીજળી પુરવઠો તાત્કાલિક ધોરણે પુનઃ સ્થાપિત કરવાનો રહેશે.

૧૯ આ ટોયલેટ બ્લોકના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે મહાનગરપાલિકા સાથે કરારનામુ કરવાનું રહેશે. અને થયેલ કરાર મુજબ અમલ કરવાનો રહેશે.

૨૦ ઈજારદારે વાર્ષિક ફી ની પ્રાઈઝ બીડમાં જણાવ્યા મુજબ ની રકમ મહાનગરપાલિકા ની તિજોરી માં જમા કરાવવાના રહેશે.( જેની પુરેપુરી રકમ વર્ષના પ્રથમ માસમાં જમા કરાવવાની રહેશે.)

૨૧ તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ ઈજારદારે કરાવવાનું રહેશે. અને મેઈનટેનન્સ કામ પેટે મહાનરગપાલિકા કોઈપણ જાતનો ખર્ચ ભોગવશે નહી.

૨૨ ઈજારદારે દરેક પે એન્ડ યુઝ ટાઈપ કોમ્યુનીટી ટોયલેટ બ્લોક અંગેનો વિગતવાર અહેવાલ ઝોન ના ડેપ્યુટી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થને દરરોજ આપવાનો રહેશે.

૨૩ દર વર્ષે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ના મકાનને રંગરોગાન કરાવવાનું રહેશે.

૨૪ ભરાયેલ ખાળકૂવો ખાલી કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે. મહાનગરપાલિકા ખાળકુવા ટેન્કરની સગવડતા સુરત મહાનગરપાલિના નિયમોનુસાર આપશે.

૨૫ યોગ્ય કારણ વગર જો ટોયલેટ બ્લોક બંધ હાલતમાં માલમ પડશે તો જેટલા દિવસ બંધ રહે તેટલા દિવસ ના પ્રતિ દિવસના રૂા. ૨૫૦/– લેખે ઈજારદાર પાસેથી દંડ વસુલ લેવામાં આવશે.

૨૬ ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતાં પહેલાં રદ કરવાનો મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે.

૨૭ કોમ્પલેક્ષની આજુ બાજુ પુરતી જગ્યા મળે તો ઈજારદારે તેમના પોતાના ખર્ચે વૃક્ષો ઉગાડવાના રહેશે. અને તેના નિભાવ ની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૮ આ શરતો ઉપરાંત વખતોવખત ટોયલેટ બ્લોકના સંચાલન દરમ્યાન મહાનગરપાલિકા પોતાના નીતિ નિયમોમાં જો કોઈ ફેરફાર કરશે તો શરતો મુજબ સંસ્થાએ પાલન કરવાનું રહેશે.

૨૯ આ સંકુલના નિભાવના હકકો જાહેર નોટીસથી ઓફર માંગી ફાળવવાના રહેશે. જે કેસમાં એક સાઈટ માટે એક કરતાં વધુ ઓફરો આવે તો તે માટે વાર્ષિક ફી વધારો કરી સૌથી વધુ ઓફર આપનાર અરજદારને ફાળવવા મ્યુ. કમિશ્નરશ્રી નિર્ણય લઈ શકશે.

૩૦ ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરતનું પાલન જો સંસ્થા તરફથી કરવામાં ન આવે તો આ સંસ્થાને દિન–૩૦ (ત્રીસ) ની નોટીસ આપી કામગીરી માંથી મુકત કરવામાં આવશે અને આ તબકકે કરેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

૩૧ સદર કામના ઈજારાની મુદત પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક નો કબ્જો સોપ્યાની તારીખથી પાંચ વર્ષની રહેશે.

ઈજારદારની સહી

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા

ડિપોઝીટ ની વિગત :

આ સાથે ડિપોઝીટ ના રૂા. ૨૫,૦૦૦/– નો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરના સ્વરૂપમાં સામેલ કરેલ છે.

બેન્કનું નામ અને સરનામુ :

ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરનંબર અને તારીખ :

ઈજારદારની સહી.. :

**<u>સુરત મહાનગરપાલિકા</u>**

**સાઉથ ઝોન –એ(ઉધના)**

**કામનું નામ :–** **સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં સબઝોન–૨ માં ભરૂચામિલ પાસે, પ્રેમનગર ઝુપડપટી માં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના પાંચ વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાની કામગીરી(દસમો પ્રયાસ).**

ઈજારદારનું નામ :–

સરનામું :–

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરોના | હાલના / તાજા પાસપોર્ટ | સાઈઝના ફોટા અહી ચોટાડવા |

| પાર્ટનરના સહીના નમૂના | સરનામું |
|---|---|
| | |
| | |
| | |

**નોંધ :– પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવો (ઈલેકટ્રોનીક ફોર્મેટમાં સ્કેનીંગ કરી ઓનલાઇન અપલોડ રજુ કરવો) ફરજીયાત છે.**

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન –એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા

## 1.0 ANNEXURE-I

**Operation and Maintenance work of pay & use toilet block for 05 (Five) years time period at Prem Nagar Zupadpatti,Near Bharucha Mill in Sub Zone-2 in South Zone-A (Udhana), Surat (10th attempt).**

I/We,…………………………….........................the undersigned, hereby tender for carrying out the work described in the schedule subjected to the conditions mentioned in various sections and subsections of this tender document.

I/We hereby agree to abide by and to fulfill all the terms and provisions of specifications and conditions of contract, and on default, Surat Municipal Corporation may forfeit the sum of the money deposited by me/us ie. E.M.D. / S.D. mentioned in the said tender. In such situation, Surat Municipal Corporation may prevent me/us from tendering for further work under the jurisdiction of Surat Municipal Corporation.

The Earnest Money Deposited by me / us with tender may be forfeited to The SURAT MUNICIPAL CORPORATION, if I /We do not deposit security deposit @ 10 % of tender Amount in accordance with the relevant clause of the conditions of contract, otherwise the said sum shall be retained by the Municipal Corporation as any account of such security as, aforesaid.

**Executive Engineer**
**South Zone-A (Udhna)**
**Surat Municipal Corporation**

Signature and Seal of the Contractor:

Name and Adresss:

Date:

**2.0 <u>ANNEXURE-II</u>**

**(TO BE SUBMITTED ON Rs. 300/- GUJARAT STATE STAMP PAPER)**

# <u>બાંહેધરી પત્રક</u>

હું/અમો ................................................. આથી સુરત મહાનગરપાલિકામાં ચાલતા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન અને નિભાવના કામનો ઈજારો ધરાવીએ છીએ/નથી તેમજ હું/અમો સુરત મહાનગરપાલિકામાં ચાલતા અમારા અન્ય પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી ન હોવા અંગેનું ડિકલેરેશન આપીએ છીએ. આમ છતાં પછીથી પણ જો અમારા ધ્વારા વાર્ષિક ઓફરના નાણાં ભરપાઈ કરવાના બાકી હોવાનું માલુમ પડશે તો અમારો ઈજારો સુરત મહાનગરપાલિકા ધ્વારા રદ કરવામાં આવે તેમજ સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવે તો તે નિર્ણય અમને બંધનકર્તા રહેશે, જેની અમે લેખિત બાંહેધરી આપીએ છીએ.

**ઈજારદારની સહી**

**નામ અને સરનામું**

**તારીખ**